# 13 નિશ્ચાયક

- **દ્વિહાર નિશ્ચાયક :** જો $a_1, b_1, a_2, b_2 \in R$; તો $\begin{vmatrix} a_1 & b_1 \\ a_2 & b_2 \end{vmatrix}$ ને દ્વિહાર નિશ્ચાયક કહે છે.

મૂલ્ય : $\begin{vmatrix} a_1 & b_1 \\ a_2 & b_2 \end{vmatrix} = a_1b_2 - a_2b_1$

| | | | |
|---|---|---|---|
| $a_1$ | $b_1$ | પ્રથમ હાર | $R_1$ |
| $a_2$ | $b_2$ | દ્વિતીય હાર | $R_2$ |

$\left.\begin{matrix} a_1 \\ a_2 \end{matrix}\right\}$ પ્રથમ સ્તંભ $C_1$, $\left.\begin{matrix} b_1 \\ b_2 \end{matrix}\right\}$ દ્વિતીય સ્તંભ $C_2$,

અગ્રવિકર્ણ: $\begin{matrix} a_1 & \\ & b_2 \end{matrix}$ પ્રતિવિકર્ણ: $\begin{matrix} & b_1 \\ a_2 & \end{matrix}$

- **ત્રિહાર નિશ્ચાયક :** જો $a_i, b_i, c_i \in R$; $i = 1, 2, 3$

$\begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix}$ ને ત્રિહાર નિશ્ચાયક કહે છે.

- **ત્રિહાર નિશ્ચાયકનું મૂલ્ય**

$$\begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix} = a_1 (b_2c_3 - b_3c_2) - b_1 (a_2c_3 - a_3c_2) + c_1 (a_2b_3 - a_3b_2)$$

- **ઉપનિશ્ચાયક :** ત્રિહાર નિશ્ચાયકનો કોઈ પણ ઘટક જે હાર અને જે સ્તંભમાં હોય, તે હાર અને તે સ્તંભને દૂર કરી બાકી રહેતા ઘટકોને તે જ સ્થિતિમાં રાખવાથી મળતા નિશ્ચાયકને તે ઘટકનો ઉપનિશ્ચાયક કહે છે.
- **સહ અવયવ :** નિશ્ચાયકના વિસ્તરણમાં કોઈ પણ ઘટકના સહગુણકને તે ઘટકનો સહઅવયવ કહે છે.
  $i$ મી હાર અને $j$ મા સ્તંભના ઘટકના ઉપનિશ્ચાયકના વિસ્તરણને $(-1)^{i+j}$ વડે ગુણતાં તે ઘટકનો સહઅવયવ મળે છે.
- **પ્રમેય :** ત્રિહાર નિશ્ચાયકમાં કોઈ પણ હાર (સ્તંભ)ના ઘટકોને અનુરૂપ સહઅવયવો વડે ગુણીને ઉમેરતાં નિશ્ચાયકનું મૂલ્ય મળે છે.
- **પ્રમેય :** ત્રિહાર નિશ્ચાયકની કોઈ પણ હાર (સ્તંભ)ના ઘટકોને અન્ય હાર (સ્તંભ)ના અનુરૂપ ઘટકોના સહઅવયવો વડે ગુણી ઉમેરતાં મળતો સરવાળો શૂન્ય થાય છે.
- **સારસની રીત :**



$= (a_1b_2c_3 + b_1c_2a_3 + c_1a_2b_3) - (a_3b_2c_1 + b_3c_2a_1 + c_3a_2b_1)$

**સંકેતો :** (1) $R_{ij}$ $(C_{ij})$; $i \neq j$; $i$ મી હાર અને $j$ મી હાર ($i$ માં સ્તંભ અને $j$ માં સ્તંભ)ની અદલાબદલી.

(2) $R_i \leftrightarrow C_i$ પ્રત્યેક હારનું અનુરૂપ સ્તંભમાં રૂપાંતર કરવાની ક્રિયા.

(3) $R_i$ (k); $[C_i (k)]$; $i$ મી હાર (સ્તંભ)ના દરેક ઘટકને $k$ વડે ગુણવાની ક્રિયા.

(4) $R_{ij} (k)$; $[C_{ij} (k)]$; $i \neq j$; $i$ મી હાર (સ્તંભ)ના દરેક ઘટકને $k$ $(k \in R)$ વડે ગુણી $j$મી હાર (સ્તંભ)ના અનુરૂપ ઘટકમાં ઉમેરવાની ક્રિયા.

- **નિશ્ચાયકના ગુણધર્મો**

(1) નિશ્ચાયકની બધી જ હારનું અનુરૂપ સ્તંભમાં રૂપાંતર કરતાં નિશ્ચાયકનું મૂલ્ય બદલાતું નથી. $D' = D\ (R_i \leftrightarrow C_i)$

(2) નિશ્ચાયકની બે હાર (સ્તંભ)ની અદલાબદલી કરતાં મળતાં નિશ્ચાયકનું મૂલ્ય આપેલા નિશ્ચાયકના મૂલ્યની વિરોધી સંખ્યા છે. $D' = D$

(3) નિશ્ચાયકની કોઈ પણ હાર (સ્તંભ)ના પ્રત્યેક ઘટકને ($k \in R$) વડે ગુણતા મળતા નિશ્ચાયકનું મૂલ્ય એ મૂળ નિશ્ચાયકના મૂલ્યથી $k$ ગણું થાય છે. $D' = kD$

(4) $$\begin{vmatrix} a_1+p_1 & b_1+p_2 & c_1+p_3 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix} = \begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix} + \begin{vmatrix} p_1 & p_2 & p_3 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix}$$

(5) જો કોઈ નિશ્ચાયકમાં બે હાર (સ્તંભ)ના અનુરૂપ ઘટકો સમાન હોય, તો તે નિશ્ચાયકનું મૂલ્ય શૂન્ય થાય છે.

(6) નિશ્ચાયકની કોઈ પણ હાર (સ્તંભ)ના પ્રત્યેક ઘટકને $k \in R$ વડે ગુણી અન્ય હાર (સ્તંભ)ના અનુરૂપ ઘટકમાં ઉમેરતાં નિશ્ચાયકનું મૂલ્ય બદલાતું નથી.

i.e. $R_{ij}\ (k)$ = $i$ મી હારના ઘટકોને $k \in R$ વડે ગુણી $j$ મી હારના અનુરૂપ ઘટકમાં ઉમેરતાં નિશ્ચાયકનું મૂલ્ય બદલાતું નથી.

તે જ રીતે $C_{ij}\ (k)$ લઈ શકાય.

- **બે દ્વિચલ સુરેખ સમીકરણની સંહતિનો ઉકેલ :** બે દ્વિચલ સુરેખ સમીકરણ

$a_ix + b_iy + c_i = 0$ જ્યાં $a_i^2 + b_i^2 \neq 0$, $a_i, b_i, c_i \in R$, $i = 1, 2$ એટલે કે $a_1x + b_1y + c_1 = 0$, $a_2x + b_2y + c_2 = 0$ માટે,

(**નોંધ :** દ્વિચલ સુરેખ સમીકરણ રેખા દર્શાવે છે.)

(1) જો $\begin{vmatrix} a_1 & b_1 \\ a_2 & b_2 \end{vmatrix} = a_1b_2 - a_2b_1 \neq 0$ તો સમીકરણનો અનન્ય ઉકેલ મળે. રેખાઓ અનન્ય બિંદુમાં છેદે.

$$x = \frac{b_1c_2 - b_2c_1}{a_1b_2 - a_2b_1} \quad ; \quad y = -\frac{a_1c_2 - a_2c_1}{a_1b_2 - a_2b_1}$$

(2) $\begin{vmatrix} a_1 & b_1 \\ a_2 & b_2 \end{vmatrix} = 0$; $\begin{vmatrix} b_1 & c_1 \\ b_2 & c_2 \end{vmatrix} \neq 0$; અથવા $\begin{vmatrix} a_1 & c_1 \\ a_2 & c_2 \end{vmatrix} \neq 0$; તો ઉકેલ ખાલીગણ ($\emptyset$) મળે. રેખાઓ સમાંતર થાય.

(3) $\begin{vmatrix} a_1 & b_1 \\ a_2 & b_2 \end{vmatrix} = 0$, $\begin{vmatrix} b_1 & c_1 \\ b_2 & c_2 \end{vmatrix} = 0$; $\begin{vmatrix} a_1 & c_1 \\ a_2 & c_2 \end{vmatrix} = 0$ એટલે કે $\frac{a_1}{a_2} = \frac{b_1}{b_2} = \frac{c_1}{c_2}$

તો ઉકેલ અનંતગણ છે. રેખાઓ સંપાતિ છે.

- **ત્રિચલ સુરેખ સંહતિ :**

$a_1x + b_1y + c_1z = d_1$

$a_2x + b_2y + c_2z = d_2$

$a_3x + b_3y + c_3z = d_3$

જો $D = \begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix} \neq 0$, તો અનન્ય ઉકેલ મળે.

$$\frac{x}{\begin{vmatrix} b_1 & c_1 & d_1 \\ b_2 & c_2 & d_2 \\ b_3 & c_3 & d_3 \end{vmatrix}} = \frac{-y}{\begin{vmatrix} a_1 & c_1 & d_1 \\ a_2 & c_2 & d_2 \\ a_3 & c_3 & d_3 \end{vmatrix}} = \frac{z}{\begin{vmatrix} a_1 & b_1 & d_1 \\ a_2 & b_2 & d_2 \\ a_3 & b_3 & d_3 \end{vmatrix}} = \frac{1}{\begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix}}$$

$\frac{x}{D_1} = \frac{-y}{D_2} = \frac{z}{D_3} = \frac{1}{D}$ અને $D_1$, $D_2$ અથવા $D_3 \neq 0$

જો D = 0 થાય તો ઉકેલ $\emptyset$ મળે. $D_1 = 0, D \neq 0$ તો $x = 0$ તે જ રીતે $y = 0, z = 0$ બને.

(1) **સંમિત નિશ્ચાયક :** $\begin{vmatrix} x & p & q \\ p & y & r \\ q & r & z \end{vmatrix} = xyz + 2pqr - p^2z - q^2y - r^2x$

- **અયુગ્મ કક્ષા ધરાવતો વિસંમિત નિશ્ચાયક**

$$\begin{vmatrix} 0 & x & y \\ -x & 0 & z \\ -y & -z & 0 \end{vmatrix} = 0$$

- **વૃત્તિય નિશ્ચાયક :** $\begin{vmatrix} x & y & z \\ y & z & x \\ z & x & y \end{vmatrix} = -(x^3 + y^3 + z^3 - 3xyz)$

- **ત્રિકોણનું ક્ષેત્રફળ :** જો ત્રિકોણનાં શિરોબિંદુઓ $(x_1, y_1)$, $(x_2, y_2)$, $(x_3, y_3)$ હોય, તો

  તે ત્રિકોણનું ક્ષેત્રફળ $\Delta = \frac{1}{2} |D|$

  જ્યાં $D = \begin{vmatrix} x_1 & y_1 & 1 \\ x_2 & y_2 & 1 \\ x_3 & y_3 & 1 \end{vmatrix}$

ઊગમબિંદુના સ્થાનાંતરથી ત્રિકોણના ક્ષેત્રફળના મૂલ્યમાં ફેરફાર થતો નથી.

- જો $D = \begin{vmatrix} f(x) & g(x) & h(x) \\ p & q & r \\ s & t & u \end{vmatrix}$ જ્યાં $p, q, r, s\ t, u \in R$ (અચળ સંખ્યાઓ)

જ્યાં $f(x)$, $g(x)$ અને $h(x)$ એ I પર વિકલનીય છે, તો

$$\frac{dD}{dx} = \begin{vmatrix} f'(x) & g'(x) & h'(x) \\ p & q & r \\ s & t & u \end{vmatrix}$$

- જો $f_i(x)$, $g_i(x)$ અને $h_i(x)$ એ અંતરાલ I ના પ્રત્યેક $x$ પર વિકલનીય વિધેયો છે. $i = 1, 2, 3$ તથા

$$D = \begin{vmatrix} f_1(x) & f_2(x) & f_3(x) \\ g_1(x) & g_2(x) & g_3(x) \\ h_1(x) & h_2(x) & h_3(x) \end{vmatrix} \quad \text{તો,}$$

$$\frac{dD}{dx} = \begin{vmatrix} f_1'(x) & f_2'(x) & f_3'(x) \\ g_1(x) & g_2(x) & g_3(x) \\ h_1(x) & h_2(x) & h_3(x) \end{vmatrix} + \begin{vmatrix} f_1(x) & f_2(x) & f_3(x) \\ g_1'(x) & g_2'(x) & g_3'(x) \\ h_1(x) & h_2(x) & h_3(x) \end{vmatrix} + \begin{vmatrix} f_1(x) & f_2(x) & f_3(x) \\ g_1(x) & g_2(x) & g_3(x) \\ h_1'(x) & h_2'(x) & h_3'(x) \end{vmatrix}$$

**બહુવિકલ્પી પ્રશ્નો**

(1) જો $\begin{vmatrix} a & b & ax+by \\ b & c & bx+cy \\ ax+by & bx+cy & 0 \end{vmatrix} = 0$ અને $ax^2 + 2bxy + cy^2 \neq 0$, તો ......

(A) $a, b, c$ સમગુણોત્તર શ્રેણીમાં છે.

(B) $a, b, c$ સમાંતર શ્રેણીમાં છે.

(C) $a, b, c$ સ્વરિત શ્રેણીમાં છે.

(D) $a, b, c$ એ સમગુણોત્તર, સમાંતર કે સ્વરિત શ્રેણીમાં નથી.

**ઉકેલ :** $\begin{vmatrix} a & b & ax+by \\ b & c & bx+cy \\ ax+by & bx+cy & 0 \end{vmatrix} = 0$

$\therefore \begin{vmatrix} a & b & 0 \\ b & c & 0 \\ ax+by & bx+cy & -ax^2-2bxy-cy^2 \end{vmatrix} = 0$ અથવા $C_{13}(-x)$ $C_{23}(-y)$, $(C_3 \to C_3 + (-x)C_1$, $C_3 \to C_3 + (-yC_2)$

$\therefore (-ax^2 - 2bxy - cy^2)(ac - b^2) = 0$

$\therefore ac - b^2 = 0$ કારણ કે $ax^2 + 2bxy + cy^2 \neq 0$

$\therefore ac = b^2$

$\therefore a, b, c$ સમગુણોત્તર શ્રેણીમાં છે. **જવાબ :** (A)

(2) જો $s = p + q + r$, તો $\begin{vmatrix} s+r & p & q \\ r & s+p & q \\ r & p & s+q \end{vmatrix}$ ની કિંમત ...... છે.

(A) $2s^2$ (B) $2s^3$ (C) $s^3$ (D) $3s^3$

**ઉકેલ :** $D = \begin{vmatrix} s+r & p & q \\ r & s+p & q \\ r & p & s+q \end{vmatrix}$

$$= \begin{vmatrix} s+p+q+r & p & q \\ s+p+q+r & s+p & q \\ s+p+q+r & p & s+q \end{vmatrix}$$ $C_{21}(1) \quad C_{31}(1)$ $[C_1 \to C_1 + C_2 \ C_1 \to C_1 + C_3]$

$$= 2s \begin{vmatrix} 1 & p & q \\ 1 & s+p & q \\ 1 & p & s+q \end{vmatrix}$$ $C_1\left(\frac{1}{2s}\right) \quad (s = p + q + r,)$

$$= 2s \begin{vmatrix} 0 & -s & 0 \\ 1 & s+p & q \\ 0 & -s & s \end{vmatrix}$$ $R_{21}(-1) \ R_{23}(-1)$ $[R_1 \to R_1 + (-1) R_2$ $R_3 \to R_3 + R_2(-1)]$

$= 2s^3$ **જવાબ :** (B)

(3) જો $D = \begin{vmatrix} 1 & 1 & 1 \\ 1 & 1+x & 1 \\ 1 & 1 & 1+y \end{vmatrix}$ જ્યાં $x \neq 0, y \neq 0$ તો D એ ...... $x, y \in N$ (AIEEE : 2007)

(A) $x$ અને $y$ વડે વિભાજ્ય છે.
(B) $x$ વડે વિભાજ્ય છે પરંતુ $y$ વડે વિભાજ્ય નથી.
(C) $x$ વડે વિભાજ્ય નથી પરંતુ $y$ વડે વિભાજ્ય છે.
(D) $x$ અને $y$ પૈકી એક પણ વડે વિભાજ્ય નથી.

**ઉકેલ :** $D = \begin{vmatrix} 1 & 1 & 1 \\ 1 & 1+x & 1 \\ 1 & 1 & 1+y \end{vmatrix}$

$$= \begin{vmatrix} 0 & -x & 0 \\ 0 & x & -y \\ 1 & 1 & 1+y \end{vmatrix}$$ $R_{21}(-1) \qquad R_{32}(-1)$

$= xy.$

આથી, D એ $x$ અને $y$ વડે વિભાજ્ય છે. **જવાબ :** (A)

(4) જો $w$ એ 1 નું ઘન મૂળ હોય, અને $w \neq 1$

$$\begin{vmatrix} 1 & 1+i+w^2 & w^2 \\ 1-i & -1 & w^2-1 \\ -i & -1+w-i & -1 \end{vmatrix} = .......$$ (AIEEE : 2002)

(A) 0 (B) 1 (C) $w$ (D) $w^2$

**ઉકેલ :** $D = \begin{vmatrix} 1 & 1+i+w^2 & w^2 \\ 1-i & -1 & w^2-1 \\ -i & -1+w-i & -1 \end{vmatrix}$

$$= \begin{vmatrix} 1-i & w+w^2 & w^2-1 \\ 1-i & w+w^2 & w^2-1 \\ -i & -1+w-i & -1 \end{vmatrix} = 0$$ $R_{31}$ (1) **જવાબ :** (A)

(5) જો 1, $w$, $w^2$ એ 1 નાં ઘન મૂળ હોય, તો

$$\begin{vmatrix} 1 & w^n & w^{2n} \\ w^n & w^{2n} & 1 \\ w^{2n} & 1 & w^n \end{vmatrix} = .......$$ (AIEEE : 2003)

(A) 0 (B) 1 (C) $w$ (D) $w^2$

**ઉકેલ :** $w$ એ 1 નું ઘન મૂળ છે, તેથી $w^3 = 1$; $w^{3n} = 1^n = 1$

$$D = \begin{vmatrix} 1 & w^n & w^{2n} \\ w^n & w^{2n} & 1 \\ w^{2n} & 1 & w^n \end{vmatrix}$$

$= 1\,(w^{3n} - 1) - w^n\,(w^{2n} - w^{2n}) + w^{2n}\,(w^n - w^{4n})$

$= 1\,(0) - w^n\,(0) + w^{3n}\,(1 - w^{3n}) = 0$ **જવાબ :** (A)

(6) જો $x + 2ay + az = 0$; $x + 3by + bz = 0$, $x + 4cz + cz = 0$ સમીકરણો સુસંગત હોય, તો $a, b, c$ એ ...... છે. $(x,y,z\ = 0)$ (AIEEE : 2003)

(A) સમાંતર શ્રેણીમાં (B) સમગુણોત્તર શ્રેણીમાં (C) સ્વરિત શ્રેણીમાં (D) ત્રણમાંથી એક પણ નહિ

**ઉકેલ :** ત્રણે સમીકરણ સુસંગત છે.

$$D = \begin{vmatrix} 1 & 2a & a \\ 1 & 3b & b \\ 1 & 4c & c \end{vmatrix} = 0$$

$\therefore\ 3bc - 4bc - 2ac + 2ab + 4ac - 3ab = 0$

$\therefore\ - bc + 2ac - ab = 0$

$\therefore\ b = \frac{2ac}{a+c}$

$\therefore\ a, b, c$ સ્વરિત શ્રેણીમાં છે. **જવાબ :** (C)

(7) જો $\begin{vmatrix} a & a^2 & 1+a^3 \\ b & b^2 & 1+b^3 \\ c & c^2 & 1+c^3 \end{vmatrix} = 0$ અને સદિશો $(1, a, a^2)$ ; $(1, b, b^2)$ અને $(1, c, c^2)$ એ અસમતલીય હોય, તો

$abc = ......$ (AIEEE : 2003)

(A) –1 (B) 1 (C) 0 (D) 2

ઉકેલ : $\begin{vmatrix} a & a^2 & 1+a^3 \\ b & b^2 & 1+b^3 \\ c & c^2 & 1+c^3 \end{vmatrix} = \begin{vmatrix} a & a^2 & 1 \\ b & b^2 & 1 \\ c & c^2 & 1 \end{vmatrix} + \begin{vmatrix} a & a^2 & a^3 \\ b & b^2 & b^3 \\ c & c^2 & c^3 \end{vmatrix} = 0$

$(C_{13})$

$$\therefore\ -\begin{vmatrix} 1 & a^2 & a \\ 1 & b^2 & b \\ 1 & c^2 & c \end{vmatrix} + abc \begin{vmatrix} 1 & a & a^2 \\ 1 & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} = 0 \qquad R_1\left(\frac{1}{a}\right),\ R_2\left(\frac{1}{b}\right), R_3\left(\frac{1}{c}\right)$$

$(C_{23})$

$$\therefore\ \begin{vmatrix} 1 & a & a^2 \\ 1 & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} + abc \begin{vmatrix} 1 & a & a^2 \\ 1 & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} = 0$$

$$\therefore\ (abc + 1) \begin{vmatrix} 1 & a & a^2 \\ 1 & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} = 0$$

આપેલ સદિશો અસમતલીય છે. આથી $\begin{vmatrix} 1 & a & a^2 \\ 1 & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} \neq 0$

$\therefore\ abc + 1 = 0$

$\therefore\ abc = -1$

**જવાબ :** (A)

(8) $a$ ની કઈ કિંમત માટે સમીકરણ સંહતિ

$ax + y + z = a - 1$

$x + ay + z = a - 1$

$x + y + az = a - 1$ ને એક પણ ઉકેલ નથી. (AIEEE : 2005)

(A) 1 (B) –2 સિવાય (C) 2 અથવા 1 (D) –2

ઉકેલ : ધારો કે $\begin{vmatrix} a & 1 & 1 \\ 1 & a & 1 \\ 1 & 1 & a \end{vmatrix} = 0$

$$\therefore\ (a + 2) \begin{vmatrix} 1 & 1 & 1 \\ 1 & a & 1 \\ 1 & 1 & a \end{vmatrix} = 0 \qquad C_{21}(1), C_{31}(1) \text{ અને } C_1\left(\frac{1}{a+2}\right)$$

$\therefore\ (a+2)\,[a^2 - 1 - 1\,(a - 1) + 1\,(1 - a)] = 0$

$(a+2)(a^2 - 1 - a + 1 + 1 - a) = 0$

$(a+2)(a^2 - 2a + 1) = 0.$ આથી $(a+2)(a-1)^2 = 0$

$\therefore\ a = -2$ અથવા $a = 1$

$a = 1$ લેતાં, ત્રણેય સમીકરણ સમાન બને છે. આથી ઉકેલગણ અનંતગણ મળે.

$a = -2$ લેતાં $\begin{vmatrix} 1 & 1 & -3 \\ -2 & 1 & -3 \\ 1 & -2 & -3 \end{vmatrix} \neq 0$ આથી $a = -2$ માટે $x$ નો છેદ શૂન્ય હોવાથી સમીકરણનો એક પણ ઉકેલ નથી.

**જવાબ :** (D)

(9) જો $a^2 + b^2 + c^2 + 2 = 0$ અને $f(x) = \begin{vmatrix} 1+a^2x & (1+b^2)x & (1+c^2)x \\ \left(1+a^2\right)x & 1+b^2x & (1+c^2)x \\ \left(1+a^2\right)x & (1+b^2)x & 1+c^2x \end{vmatrix}$ તો,

$f(x)$ એ ...... ઘાતવાળી બહુપદી થાય. (AIEEE : 2005)

(A) 0 (B) 1 (C) 2 (D) 3

**ઉકેલ :** $C_2 \rightarrow C_2 + C_1$ $C_2 \rightarrow C_2 + C_3$

$$\therefore\ f(x) = \begin{vmatrix} 1+a^2x & 1+2x+(a^2+b^2+c^2)x & (1+c^2)x \\ \left(1+a^2\right)x & 1+2x+(a^2+b^2+c^2)x & (1+c^2)x \\ \left(1+a^2\right)x & 1+2x+(a^2+b^2+c^2)x & 1+c^2x \end{vmatrix}$$

$$= \begin{vmatrix} 1+a^2x & 1 & (1+c^2)x \\ \left(1+a^2\right)x & 1 & (1+c^2)x \\ \left(1+a^2\right)x & 1 & 1+c^2x \end{vmatrix} \qquad (a^2 + b^2 + c^2 = -2)$$

$$= \begin{vmatrix} 1-x & 0 & 0 \\ 0 & 0 & x-1 \\ \left(1+a^2\right)x & 1 & 1+c^2x \end{vmatrix} \qquad R_1 \rightarrow R_1 + (-1) R_2,\ R_2 \rightarrow R_2 + (-1) R_3$$

$= (1-x)(1-x) = 1 - 2x + x^2$ એ બે ઘાતવાળી બહુપદી છે **જવાબ :** (C)

(10) જો $a < 0$ અને $ax^2 + 2bx + c$ નો વિવેચક ઋણ હોય, તો $\begin{vmatrix} a & b & ax+b \\ b & c & bx+c \\ ax+b & bx+c & 0 \end{vmatrix}$ નું મૂલ્ય ...... છે.

(AIEEE : 2002)

(A) ધન (B) $(ac - b^2)(ax^2 + 2bx + c)$ (C) ઋણ (D) 0

ઉકેલ : $ax^2 + 2bx + c$ નો વિવેચક $\Delta < 0$ અને $a < 0$

$\therefore ax^2 + 2bx + c < 0$ થાય. તથા $b^2 - ac < 0$

$$\therefore \ D = \begin{vmatrix} a & b & ax+b \\ b & c & bx+c \\ ax+b & bx+c & 0 \end{vmatrix}$$

$$= \begin{vmatrix} a & b & 0 \\ b & c & 0 \\ ax+b & bx+c & -(ax^2+2bx+c) \end{vmatrix} \qquad C_{13}\ (-x),\ C_{23}\ (-1)$$

$= (b^2 - ac)\ (ax^2 + 2bx + c) > 0$ **જવાબ :** (B)

(11) જો $l$, $m$ અને $n$ એ કોઈ સમગુણોત્તર શ્રેણીના $p$, $q$ અને $r$ મા પદ હોય તથા $l > 0$, $m > 0$, $n > 0$ તો

$$\begin{vmatrix} \log l & p & 1 \\ \log m & q & 1 \\ \log n & r & 1 \end{vmatrix} = ......$$ (AIEEE : 2002)

(A) 3 (B) 2 (C) 1 (D) 0

ઉકેલ : $l = AR^{p-1}$, $m = AR^{q-1}$, $n = AR^{r-1}$ લો.

$\log l = \log A + (p-1) \log R$, $\log m = \log A + (q-1) \log R$ તથા $\log n = \log A + (r-1) \log R$

$$\therefore \ D = \begin{vmatrix} \log A+(p-1)\log R & p & 1 \\ \log A+(q-1)\log R & q & 1 \\ \log A+(r-1)\log R & r & 1 \end{vmatrix}$$

$$= \begin{vmatrix} \log A & p & 1 \\ \log A & q & 1 \\ \log A & r & 1 \end{vmatrix} + \log R \begin{vmatrix} p-1 & p & 1 \\ q-1 & q & 1 \\ r-1 & r & 1 \end{vmatrix} = \log A \begin{vmatrix} 1 & p & 1 \\ 1 & q & 1 \\ 1 & r & 1 \end{vmatrix} + \log R \begin{vmatrix} p & p & 1 \\ q & q & 1 \\ r & r & 1 \end{vmatrix}$$

$= 0 + 0 = 0$

$\left( C_1 \left( \frac{1}{\log A} \right) \text{પછી } C_1 \to C_1 + C_3 \right)$ **જવાબ :** (D)

(12) જો $a_1, a_2, ..., a_n$ સમગુણોત્તર શ્રેણીમાં હોય અને $a_i > 0, \forall i \geq 1$ તો $\begin{vmatrix} \log a_n & \log a_{n+1} & \log a_{n+2} \\ \log a_{n+3} & \log a_{n+4} & \log a_{n+5} \\ \log a_{n+6} & \log a_{n+7} & \log a_{n+8} \end{vmatrix}$

= ...... (AIEEE : 2004-5)

(A) 0 (B) –2 (C) 2 (D) 1

ઉકેલ : $a_i = AR^{i-1} \Longrightarrow \log a_i = \log A + (i-1) \log R$

$$D = \begin{vmatrix} \log A+(n-1)\log R & \log A+n\log R & \log A+(n+1)\log R \\ \log A+(n+2)\log R & \log A+(n+3)\log R & \log A+(n+4)\log R \\ \log A+(n+5)\log R & \log A+(n+6)\log R & \log A+(n+7)\log R \end{vmatrix} \quad R_{23}(-1), R_{12}(-1)$$

$$= \begin{vmatrix} \log A+(n-1)\log R & \log A+(n)\log R & \log A+(n+1)\log R \\ 3\log R & 3\log R & 3\log R \\ 3\log R & 3\log R & 3\log R \end{vmatrix} = 0$$

જવાબ : (A)

→ **બીજી રીત**

$$\begin{vmatrix} \log a_n & \log a_{n+1} & \log a_{n+2} \\ \log a_{n+3} & \log a_{n+4} & \log a_{n+5} \\ \log a_{n+6} & \log a_{n+7} & \log a_{n+8} \end{vmatrix}$$

$$= \begin{vmatrix} \log a_n + \log a_{n+2} & \log a_{n+1} & \log a_{n+2} \\ \log a_{n+3} + \log a_{n+5} & \log a_{n+4} & \log a_{n+5} \\ \log a_{n+6} + \log a_{n+8} & \log a_{n+7} & \log a_{n+8} \end{vmatrix} \quad C_1 \to C_1 + C_3 (1)$$

$$= \begin{vmatrix} \log\left(a_{n+1}\right)^2 & \log a_{n+1} & \log a_{n+2} \\ \log\left(a_{n+4}\right)^2 & \log a_{n+4} & \log a_{n+5} \\ \log\left(a_{n+7}\right)^2 & \log a_{n+7} & \log a_{n+8} \end{vmatrix}$$

$$= 2 \begin{vmatrix} \log a_{n+1} & \log a_{n+1} & \log a_{n+2} \\ \log a_{n+4} & \log a_{n+4} & \log a_{n+5} \\ \log a_{n+7} & \log a_{n+7} & \log a_{n+8} \end{vmatrix} = 2\ (0) = 0$$

જવાબ : (A)

(13) ધારો કે $a, b, c$ કોઈ પણ વાસ્તવિક સંખ્યાઓ છે. બધી જ શૂન્ય ન હોય તેવી વાસ્તવિક સંખ્યાઓ $x, y, z$ માટે $x = cy + bz;\ y = az + cx$ અને $z = ay + bx$ છે. તો $a^2 + b^2 + c^2 + 2abc = ......$ (AIEEE : 2008)

(A) 0 (B) 1 (C) 2 (D) –1

**ઉકેલ :** $x - cy - bz = 0$

$cx - y + az = 0$ સમીકરણનો ઉકેલ શૂન્યેતર છે.

$bx + ay - z = 0$

$$\begin{vmatrix} 1 & -c & -b \\ c & -1 & a \\ b & a & -1 \end{vmatrix} = 0$$

$\therefore\ 1 - a^2 + c(-c - ab) - b(ac + b) = 0$

$\therefore\ 1 - a^2 - c^2 - abc - abc - b^2 = 0$

$\therefore\ a^2 + b^2 + c^2 + 2abc = 1$ **જવાબ :** (B)

(14) ધારો કે $a, b, c \in R - \{0\}$ તથા $a + c \neq 0$

જો $\begin{vmatrix} a & a+1 & a-1 \\ -b & b+1 & b-1 \\ c & c-1 & c+1 \end{vmatrix} + \begin{vmatrix} a+1 & b+1 & c-1 \\ a-1 & b-1 & c+1 \\ (-1)^{n+2}\,a & (-1)^{n+1}\,b & (-1)^n\,c \end{vmatrix} = 0$ તો $n$ નું મૂલ્ય = ......

(AIEEE : 2009)

(A) શૂન્ય (B) કોઈક શૂન્યેતર યુગ્મ પૂર્ણાંક (C) કોઈક અયુગ્મ પૂર્ણાંક (D) અસંમેય સંખ્યા

**ઉકેલ :** $D + D_1 = \begin{vmatrix} a & a+1 & a-1 \\ -b & b+1 & b-1 \\ c & c-1 & c+1 \end{vmatrix} + (-1)^n \begin{vmatrix} a+1 & b+1 & c-1 \\ a-1 & b-1 & c+1 \\ a & -b & c \end{vmatrix} = 0$

$\therefore\ D + (-1)^n \begin{vmatrix} a+1 & a-1 & a \\ b+1 & b-1 & -b \\ c-1 & c+1 & c \end{vmatrix} = 0 \qquad R_i \leftrightarrow C_i$ જ્યાં $D = \begin{vmatrix} a & a+1 & a-1 \\ -b & b+1 & b-1 \\ c & c-1 & c+1 \end{vmatrix}$

$\therefore\ D + (-1)^n \begin{vmatrix} a & a+1 & a-1 \\ -b & b+1 & b-1 \\ c & c-1 & c+1 \end{vmatrix} = 0$ ($C_{13}$ પછી $C_{23}$ લેતાં). આથી $D + (-1)^n D = 0$

અહીં $D = \begin{vmatrix} a & a+1 & a-1 \\ -b & b+1 & b-1 \\ c & c-1 & c+1 \end{vmatrix} = \begin{vmatrix} a & a+1 & -2 \\ -b & b+1 & -2 \\ c & c-1 & 2 \end{vmatrix} \qquad C_{23}(-1)$

$= 2\begin{vmatrix} a & a+1 & -1 \\ -b & b+1 & -1 \\ c & c-1 & 1 \end{vmatrix} = 2\begin{vmatrix} a & a & -1 \\ -b & b & -1 \\ c & c & 1 \end{vmatrix} \qquad C_{31}(1)$

$= 2\begin{vmatrix} 0 & a & -1 \\ -2b & b & -1 \\ 0 & c & 1 \end{vmatrix} \qquad C_{21}(-1)$

$= 4b(a + c) \neq 0$

$(1 + (-1)^n)D = 0$ હોવાથી $n$ અયુગ્મ પૂર્ણાંક છે. **જવાબ :** (C)

(15) સુરેખ સમીકરણની સંહતિ નીચે મુજબ છે :

$x_1 + 2x_2 + x_3 = 3$

$2x_1 + 3x_2 + x_3 = 3$

$3x_1 + 5x_2 + 2x_3 = 1$ સંહતિના ઉકેલોની સંખ્યા ...... છે. (AIEEE : 2010)

(A) 3 (B) એક (C) શૂન્ય (D) 3 થી વધુ

**ઉકેલ :** $D = \begin{vmatrix} 1 & 2 & 1 \\ 2 & 3 & 1 \\ 3 & 5 & 2 \end{vmatrix} = \begin{vmatrix} 1 & 0 & 1 \\ 2 & 0 & 1 \\ 3 & 0 & 2 \end{vmatrix} = 0$ $C_{12}(-1)$ $C_{32}$

(-1)

$\therefore$ ઉકેલ અનન્ય નથી.. સમીકરણ (2) – સમીકરણ (1) કરતાં, $x_1 + x_2 = 0$

$\therefore$ $x_1 + x_2 = 0$ પરથી સમીકરણો, $x_2 + x_3 = 3$ તથા $2x_2 + 2x_3 = 1$

આનો ઉકેલ ન મળે. આ ઉકેલોની સંખ્યા શૂન્ય છે. **જવાબ :** (C)

(16) નીચેની સમીકરણ સંહતિનો ઉકેલ અનન્ય હોય, તો $k$ ની કિંમતનો ગણ ...... છે.

$x - ky + z = 0$

$kx + 3y - kz = 0$

$3x + y - z = 0$ (AIEEE : 2011)

(A) $R - \{-3\}$ (B) $R - \{2\}$ (C) $\{2, -3\}$ (D) $\{2, -3\}$

**ઉકેલ :** ઉકેલ અનન્ય મળે તે માટે $D \neq 0$

$\therefore \begin{vmatrix} 1 & -k & 1 \\ k & 3 & -k \\ 3 & 1 & -1 \end{vmatrix} \neq 0$

$\therefore -3 + k + k(2k) + k - 9 \neq 0$

$\therefore 2k^2 + 2k - 12 \neq 0$

$\therefore 2(k+3)(k-2) \neq 0$

$\therefore k \neq -3$ તથા $k \neq 2$

$k \in R - \{-3, 2\}$ **જવાબ :** (D)

(17) $k$ ની કેટલી કિંમતો માટે સમીકરણ સંહતિ

$(k + 1)x + 8y = 4k$

$kx + (k+3)y = 3k - 1$ ને એક પણ ઉકેલ નથી. (JEE : 2013)

(A) અનંત (B) 1 (C) 2 (D) 3

**ઉકેલ :** ધારો કે $\begin{vmatrix} k+1 & 8 \\ k & k+3 \end{vmatrix} = 0$

$\therefore k^2 + 4k + 3 - 8k = 0$

$\therefore k^2 - 4k + 3 = 0$

$\therefore k = 3$ અથવા $k = 1$, $k \neq 3, k \neq 1$ માટે અનન્ય ઉકેલ મળે.

જો $k = 3$ લઈએ તો $4x + 8y = 12$ અને $3x + 6y = 8$

એટલે કે $x + 2y = 3$ અને $x + 2y = \frac{8}{3}$

સમાંતર રેખાઓ દર્શાવે છે. ઉકેલગણ $\emptyset$ છે.

$k = 1$ લેતાં $x + 4y = 2$

$x + 4y = 2$ નો ઉકેલ અનંતગણ છે.

$\therefore$ $k$ ની એક કિંમત ($k = 3$) માટે આપેલ સંહતિને એકપણ ઉકેલ નથી. **જવાબ :** (B)

(18) જો $a + b + c = 0$ હોય, તો $\begin{vmatrix} a-x & c & b \\ c & b-x & a \\ b & a & c-x \end{vmatrix} = 0$ નો એક ઉકેલ ...... છે.

(A) $a^2 + b^2 + c^2$ (B) 0 (C) 1 (D) 2

**ઉકેલ :** હવે $\begin{vmatrix} a+b+c-x & c & b \\ a+b+c-x & b-x & a \\ a+b+c-x & a & c-x \end{vmatrix} = 0$ $C_{21}(1)$, $C_{31}(1)$

$\therefore \begin{vmatrix} -x & c & b \\ -x & b-x & a \\ -x & a & c-x \end{vmatrix} = 0$ $a + b + c = 0$ મૂકતાં,

$\therefore -x \begin{vmatrix} 1 & c & b \\ 1 & b-x & a \\ 1 & a & c-x \end{vmatrix} = 0$

એક ઉકેલ $x = 0$ થાય. **જવાબ :** (B)

(19) જો $a \neq p, b \neq q, c \neq r$ અને $\begin{vmatrix} p & b & c \\ a & q & c \\ a & b & r \end{vmatrix} = 0$ હોય, તો $\frac{p}{p-a} + \frac{q}{q-b} + \frac{r}{r-c}$ નું મૂલ્ય ...... છે.

(A) 0 (B) 1 (C) –1 (D) 2

**ઉકેલ :** $\begin{vmatrix} p-a & b-q & 0 \\ 0 & q-b & c-r \\ a & b & r \end{vmatrix} = 0$ $[R_1 \to R_1 - R_2, R_2 \to R_2 - R_3]$

$\therefore (p-a)(q-b)(r-c) \begin{vmatrix} 1 & -1 & 0 \\ 0 & 1 & -1 \\ \frac{a}{p-a} & \frac{b}{q-b} & \frac{r}{r-c} \end{vmatrix} = 0$ $C_1\left(\frac{1}{p-a}\right), C_2\left(\frac{1}{q-b}\right), C_3\left(\frac{1}{r-c}\right)$

$\therefore \begin{vmatrix} 0 & -1 & 0 \\ 0 & 1 & -1 \\ \frac{a}{p-a}+\frac{b}{q-b}+\frac{r}{r-c} & \frac{b}{q-b} & \frac{r}{r-c} \end{vmatrix} = 0$ $C_{21}(1)$, $C_{31}(1)$

$\therefore \frac{a}{p-a} + \frac{b}{q-b} + \frac{r}{r-c} = 0$ $[C_1 \to C_1 + C_2, C_1 \to C_1 + C_3]$

$1 + \frac{a}{p-a} + 1 + \frac{b}{q-b} + \frac{r}{r-c} = 2$

$\therefore \frac{p}{p-a} + \frac{q}{q-b} + \frac{r}{r-c} = 2$ **જવાબ :** (D)

(20) જો $a, b, c$ ભિન્ન અને ધન સંખ્યાઓ હોય, તો $\begin{vmatrix} a & b & c \\ b & c & a \\ c & a & b \end{vmatrix}$ નું મૂલ્ય ...... છે.

(A) ધન (B) શૂન્ય (C) ઋણ (D) સંકર

**ઉકેલ :** $\begin{vmatrix} a & b & c \\ b & c & a \\ c & a & b \end{vmatrix} = 3abc - a^3 - b^3 - c^3$

$= -(a^3 + b^3 + c^3 - 3abc)$

$= -\frac{1}{2}(a+b+c)[(a-b)^2+(b-c)^2+(c-a)^2] < 0 \quad a \neq b, b \neq c, c \neq a, \quad a+b+c > 0$

નિશ્ચાયકનું મૂલ્ય ઋણ છે. **જવાબ :** (C)

(21) $\begin{vmatrix} 10! & 11! & 12! \\ 11! & 12! & 13! \\ 12! & 13! & 14! \end{vmatrix} = ......$

(A) 2 (10! × 13!) (B) 2 (10! 11!) (C) 2 (10! 11! 12!) (D) 2 (10! 12! 13!)

**ઉકેલ :** $\begin{vmatrix} 10! & 11\times(10!) & 12\times11\times10! \\ 11! & 12\times11! & 13\times12\times11! \\ 12! & 13\times12! & 14\times13\times12! \end{vmatrix} = 10! \times 11! \times 12! \begin{vmatrix} 1 & 11 & 132 \\ 1 & 12 & 156 \\ 1 & 13 & 182 \end{vmatrix}$

$= 10! \times 11! \times 12! \begin{vmatrix} 0 & -1 & -24 \\ 1 & 12 & 156 \\ 0 & 1 & 26 \end{vmatrix}$ $R_{21}(-1), R_{23}(-1)$

$= 10! \times 11! \times 12! [1(26-24)] = 2(10! \times 11! \times 12!)$ **જવાબ :** (C)

(22) $\begin{vmatrix} a-b-c & 2a & 2a \\ 2b & b-c-a & 2b \\ 2c & 2c & c-a-b \end{vmatrix} = (a+b+c)^k$ તો $k = ......$ $(a+b+c \neq 1)$

(A) 1 (B) 2 (C) 3 (D) 0

**ઉકેલ :** $D = \begin{vmatrix} -(a+b+c) & 0 & 2a \\ a+b+c & -(a+b+c) & 2b \\ 0 & a+b+c & c-a-b \end{vmatrix}$ $C_{21}(-1), C_{32}(-1)$

$$= (a+b+c)^2 \begin{vmatrix} -1 & 0 & 2a \\ 1 & -1 & 2b \\ 0 & 1 & c-a-b \end{vmatrix} = (a+b+c)^3$$ (વિસ્તરણ કરતાં)

$\therefore\ k = 3$ **જવાબ :** (C)

(23) $\begin{vmatrix} 1+a & 1 & 1 \\ 1 & 1+b & 1 \\ 1 & 1 & 1+c \end{vmatrix} = 0$ તો $a^{-1} + b^{-1} + c^{-1} = ......$

(A) $abc$ (B) 1 (C) $-1$ (D) $(abc)^{-1}$

**ઉકેલ :** $\begin{vmatrix} a & -b & 0 \\ 0 & b & -c \\ 1 & 1 & 1+c \end{vmatrix} = 0$ $R_{21}(-1)$, $R_{32}(-1)$

$\therefore\ a(b + bc + c) + b(c) = 0$

$ab + abc + ac + bc = 0$

$ab + bc + ca = -abc$

$\therefore\ \frac{1}{a} + \frac{1}{b} + \frac{1}{c} = -1$ **જવાબ :** (C)

(24) $\begin{vmatrix} \sqrt{14}+\sqrt{3} & \sqrt{20} & \sqrt{5} \\ \sqrt{15}+\sqrt{28} & \sqrt{25} & \sqrt{10} \\ 3+\sqrt{70} & \sqrt{15} & \sqrt{25} \end{vmatrix} = ......$

(A) $15\sqrt{2} - 25\sqrt{3}$ (B) $15\sqrt{2} + 25\sqrt{3}$ (C) $25\sqrt{3} - 15\sqrt{2}$ (D) $-25\sqrt{3} - 15\sqrt{2}$

**ઉકેલ :** $\begin{vmatrix} \sqrt{14}+\sqrt{3} & 2\sqrt{5} & \sqrt{5} \\ \sqrt{15}+\sqrt{28} & \sqrt{5}\sqrt{5} & \sqrt{2\times 5} \\ 3+\sqrt{70} & \sqrt{3\times 5} & \sqrt{5}\sqrt{5} \end{vmatrix}$

$$= 5 \begin{vmatrix} \sqrt{14}+\sqrt{3} & 2 & 1 \\ \sqrt{15}+\sqrt{28} & \sqrt{5} & \sqrt{2} \\ 3+\sqrt{70} & \sqrt{3} & \sqrt{5} \end{vmatrix} \qquad C_2\left(\frac{1}{\sqrt{5}}\right) C_3\left(\frac{1}{\sqrt{5}}\right)$$

$$= 5 \begin{vmatrix} \sqrt{3} & 2 & 1 \\ \sqrt{15} & \sqrt{5} & \sqrt{2} \\ 3 & \sqrt{3} & \sqrt{5} \end{vmatrix} \qquad C_{31}\left(-\sqrt{14}\right)$$

$$= 5 \begin{vmatrix} -\sqrt{3} & 2 & 1 \\ 0 & \sqrt{5} & \sqrt{2} \\ 0 & \sqrt{3} & \sqrt{5} \end{vmatrix} \qquad C_{21}\left(-\sqrt{3}\right)$$

$= -5\sqrt{3}\ [5 - \sqrt{6}\,] = -25\sqrt{3} + 5\sqrt{18} = 15\sqrt{2} - 25\sqrt{3}$ **જવાબ :** (A)

(25) $\begin{vmatrix} x-2 & 2x-3 & 3x-4 \\ x-4 & 2x-9 & 3x-16 \\ x-8 & 2x-27 & 3x-64 \end{vmatrix} = 0$ નો ઉકેલગણ ...... છે.

(A) {1} (B) {2} (C) {4} (D) {3}

ઉકેલ :

$\therefore \begin{vmatrix} x-2 & 1 & 2 \\ x-4 & -1 & -4 \\ x-8 & -11 & -40 \end{vmatrix} = 0$ $C_{12}(-2), C_{13}(-3)$

$\therefore \begin{vmatrix} x-2 & 1 & 2 \\ -2 & -2 & -6 \\ -6 & -12 & -42 \end{vmatrix} = 0$ $R_2 \rightarrow R_2 + R_1\ (-1),\quad R_3 \rightarrow R_3 + R_1\ (-1)$

$\therefore \begin{vmatrix} x-2 & 1 & 2 \\ 1 & 1 & 3 \\ 1 & 2 & 7 \end{vmatrix} = 0$ $(R_2\left(-\frac{1}{2}\right), R_3\left(-\frac{1}{6}\right)$

$\therefore x - 2 - 4 + 2 = 0$

$\therefore x = 4$

**જવાબ :** (C)

(26) જો $D_r = \begin{vmatrix} 1 & n & n \\ 2r & n^2+n+1 & n^2+n \\ 2r-1 & n^2 & n^2+n+1 \end{vmatrix}$ અને $\sum_{r=1}^{n} D_r = 56$ તો $n = ......$ $(n \in N)$

(A) 7 (B) 8 (C) 4 (D) 6

ઉકેલ : $\sum_{r=1}^{n} D_r = \begin{vmatrix} \sum_{r=1}^{n} 1 & n & n \\ \sum_{r=1}^{n} 2r & n^2+n+1 & n^2+n \\ \sum_{r=1}^{n} (2r-1) & n^2 & n^2+n+1 \end{vmatrix} = 56$

$\therefore 56 = \begin{vmatrix} n & n & n \\ n^2+n & n^2+n+1 & n^2+n \\ n^2 & n^2 & n^2+n+1 \end{vmatrix}$

$\therefore 56 = \begin{vmatrix} n & 0 & 0 \\ n^2+n & 1 & 0 \\ n^2 & 0 & n+1 \end{vmatrix}$ $C_{12}\ (-1), C_{13}\ (-1)$

$\therefore 56 = n\ (n + 1)$

$\therefore 7 \times 8 = n\ (n + 1)$

$\therefore n = 7$

**જવાબ :** (A)

**નોંધ :** $n\ (n + 1) = (-8)(-7)$ પરથી $n = -8$ શક્ય નથી.

(27) $\begin{vmatrix} a+x & b & c \\ a & b+y & c \\ a & b & c+z \end{vmatrix} = ......$

(A) $xyz\left(1+\frac{x}{a}+\frac{y}{b}+\frac{z}{c}\right)$ (B) $xyz\left(1+\frac{a}{x}+\frac{b}{y}+\frac{c}{z}\right)$ (C) $abc\left(1+\frac{x}{a}+\frac{y}{b}+\frac{z}{c}\right)$ (D) $abc\left(1+\frac{a}{x}+\frac{b}{y}+\frac{c}{z}\right)$

**ઉકેલ :** $D = \begin{vmatrix} x & -y & 0 \\ 0 & y & -z \\ a & b & c+z \end{vmatrix}$ $R_{21}(-1), R_{32}(-1),$

$= x\,[cy + yz + bz] + yaz$

$= cxy + xyz + ayz + bzx$

$= xyz\left(\frac{c}{z}+1+\frac{a}{x}+\frac{b}{y}\right)$ **જવાબ :** (B)

((28) જો $l, m, n$ એવી વાસ્તવિક સંખ્યાઓ હોય, કે જેથી $l^2 + m^2 + n^2 = 0$ તો $\begin{vmatrix} 1+l^2 & lm & ln \\ lm & 1+m^2 & mn \\ nl & mn & 1+n^2 \end{vmatrix} = ......$

(A) $lmn - 1$ (B) $l + m + n + 2$ (C) 0 (D) 1

**ઉકેલ :** અહીં $l^2 + m^2 + n^2 = 0$ હોવાથી $l = 0$, $m = 0$ અને $n = 0$ થાય.

$\therefore D = \begin{vmatrix} 1 & 0 & 0 \\ 0 & 1 & 0 \\ 0 & 0 & 1 \end{vmatrix} = 1$ **જવાબ :** (D)

(29) જો $\begin{vmatrix} a & b & a-b \\ b & c & b-c \\ 2 & 1 & 0 \end{vmatrix} = 0$ તો $a, b, c$ એ ...... માં છે.

(A) સમાંતર શ્રેણી (B) સ્વરિત શ્રેણી (C) સમગુણોત્તર શ્રેણી (D) આ પૈકી એક પણ નહિ

**ઉકેલ :** $2[b^2 - bc - ac + bc] - 1\,[ab - ac - ab + b^2) = 0$

$\therefore 2b^2 - 2ac + ac - b^2 = 0$

$\therefore b^2 - ac = 0$

$\therefore b^2 = ac$

$\therefore a, b, c$ સમગુણોત્તર શ્રેણીમાં છે. **જવાબ :** (C)

(30) જો $A_r = \begin{vmatrix} r & r-1 \\ r-1 & r \end{vmatrix}$ જ્યાં $r \in N$ તો $\sum_{r=1}^{15} A_r = ......$

(A) 15 (B) 225 (C) $\sqrt{15}$ (D) 25

**ઉકેલ :** $A_r = r^2 - (r-1)^2$

$\therefore \sum_{r=1}^{15} A_r = \sum_{r=1}^{15}\left[r^2-(r-1)^2\right] = \sum_{r=1}^{15}(2r-1) = (15)^2 = 225$ **જવાબ :** (B)

(31) જો $D = \begin{vmatrix} 1 & 3cos\theta & 1 \\ sin\theta & 1 & 3cos\theta \\ 1 & sin\theta & 1 \end{vmatrix}$ તો D નું મહત્તમ મૂલ્ય ...... છે.

(A) 9 (B) 1 (C) 10 (D) 16

**ઉકેલ :** $D = 1 - 3sin\theta\ cos\theta - 3cos\theta\ (sin\theta - 3\ cos\theta) + 1\ (sin^2\theta - 1)$

$= 1 - 3sin\theta\ cos\theta - 3cos\theta sin\theta + 9\ cos^2\ \theta + sin^2\theta - 1$

$= (9\ cos^2\theta - 6\ sin\theta cos\theta + sin^2\theta)$

$= (3\ cos\ \theta - sin\theta)^2$

$3\ cos\ \theta - sin\theta$ નો વિસ્તાર $\left[-\sqrt{9+1}, \sqrt{9+1}\right] = \left[-\sqrt{10}, \sqrt{10}\right]$

$\therefore (3\ cos\ \theta - sin\theta)^2$ નો વિસ્તાર [0, 10] **જવાબ :** (C)

(32) જો સમીકરણો $a\ (y + z) = x;\ b\ (z + x) = y,\ c(x+y) = z$ નો અનન્ય ઉકેલ મળે, તો

$\frac{1}{1+a} + \frac{1}{1+b} + \frac{1}{1+c} = ......\ (x > 0, y > 0, z > 0)$

(A) 1 (B) 2 (C) –1 (D) –2

**ઉકેલ :** $x \neq 0,\ y \neq 0$ અને $z \neq 0$

ધારો કે $a = \frac{x}{y+z}$ $\quad b = \frac{y}{z+x}$ $\quad c = \frac{z}{x+y}$

$1 + a = \frac{x+y+z}{y+z};\ 1 + b = \frac{x+y+z}{z+x} \quad 1 + c = \frac{x+y+z}{x+y}$

હવે $\frac{1}{1+a} + \frac{1}{1+b} + \frac{1}{1+c} = \frac{y+z}{x+y+z} + \frac{z+x}{x+y+z} + \frac{x+y}{x+y+z} = \frac{2(x+y+z)}{x+y+z} = 2$ **જવાબ :** (B)

(33) જો $\begin{vmatrix} y+z & z+x & x+y \\ x+y & y+z & z+x \\ z+x & x+y & y+z \end{vmatrix} = k \begin{vmatrix} x & y & z \\ z & x & y \\ y & z & x \end{vmatrix}$ તો $k = ......$ $\quad$ ($x = y = z$ નથી, $x+y+z \neq 0$)

(A) 1 (B) 2 (C) 4 (D) –4

**ઉકેલ :** $D = \begin{vmatrix} 2(x+y+z) & z+x & x+y \\ 2(x+y+z) & y+z & z+x \\ 2(x+y+z) & x+y & y+z \end{vmatrix}$ $\quad C_{21}\ (1),\ C_{31}\ (1)$

$= 2 \begin{vmatrix} x+y+z & -y & -z \\ x+y+z & -x & -y \\ x+y+z & -z & -x \end{vmatrix}$ $\quad (C_3 \to C_3 - C_1, C_2 \to C_2 - C_1)$

$= 2 \begin{vmatrix} x & y & z \\ z & x & y \\ y & z & x \end{vmatrix}$ $\quad (C_1 \to C_1 + C_2 + C_3$ પછી $C_2\ (-1),\ C_3\ (-1))$

$k = 2$

નોંધ : $\begin{vmatrix} x & y & z \\ z & x & y \\ y & z & x \end{vmatrix} = 0 \Rightarrow x=y=z$ અથવા $x+y+z = 0$.

પરંતુ $x=y=z$ નથી તથા $x+y+z \neq 0$ હોવાથી $k = 2$ આમ ન બને તો $k$ સ્વૈર રહે. **જવાબ :** (B)

(34) જો $f(x) = \begin{vmatrix} 1 & x & x+1 \\ 2x & x(x-1) & (x+1)x \\ 3x(x-1) & x(x-1)(x-2) & x(x+1)(x-1) \end{vmatrix}$ તો $f(100)$ = ......

(A) –100 (B) 100 (C) 0 (D) 1

**ઉકેલ :** $f(x) = x(x-1)\ (x+1) \begin{vmatrix} 1 & 1 & 1 \\ 2x & x-1 & x \\ 3x & x-2 & x \end{vmatrix}$ $C_2\left(\frac{1}{x}\right),\ C_3\left(\frac{1}{x+1}\right),\ R_3\left(\frac{1}{x-1}\right)$

$= x(x-1)\ (x+1) \begin{vmatrix} 0 & 0 & 1 \\ x+1 & -1 & x \\ 2(x+1) & -2 & x \end{vmatrix}$ $C_{21}\ (-1),\ C_{32}\ (-1)$

$= -\,x\ (x-1)\ (x+1)^2 \begin{vmatrix} 0 & 0 & 1 \\ 1 & 1 & x \\ 2 & 2 & x \end{vmatrix} = 0$

$\therefore f(100) = 0$ **જવાબ :** (C)

(35) જો $f(x) = \begin{vmatrix} 1 & x & x^2 \\ x & x^2 & 1 \\ x^2 & 1 & x \end{vmatrix}$ હોય તો $f\left(\sqrt[3]{3}\right)$ = ......

(A) –2 (B) 2 (C) –4 (D) 4

**ઉકેલ :** $f(x) = x^3 - 1 - x\ (x^2 - x^2) + x^2\ (x - x^4)$

$f(x) = x^3 - 1 + x^3\ (1 - x^3) = (x^3 - 1)\ (1 - x^3)$

$f(x) = -(x^3 - 1)^2$

$x^3 = 3$ મૂકતાં

$f\left(\sqrt[3]{3}\right) = -(3 - 1)^2 = -4$ **જવાબ :** (C)

(36) $D = \begin{vmatrix} bc & a^2 & a^2 \\ b^2 & ca & b^2 \\ c^2 & c^2 & ab \end{vmatrix}$ અને $D' = \begin{vmatrix} bc & ab & ca \\ ab & ca & bc \\ ca & bc & ab \end{vmatrix}$ તો ......

(A) D = D' (B) $a$D + $b$D' = 0 (C) $b$D + $a$D' = 0 (D) D + D' = 0

ઉકેલ : $D' = \frac{1}{abc}\begin{vmatrix} abc & a^2b & a^2c \\ ab^2 & abc & b^2c \\ ac^2 & bc^2 & abc \end{vmatrix}$ $R_1(a), R_2(b), R_3(c)$

$D' = \begin{vmatrix} bc & a^2 & a^2 \\ b^2 & ca & b^2 \\ c^2 & c^2 & ba \end{vmatrix}$ $C_1\left(\frac{1}{a}\right), C_2\left(\frac{1}{b}\right), C_3\left(\frac{1}{c}\right)$

$\therefore \quad D' = D$ **જવાબ :** (A)

(37) જો $D = \begin{vmatrix} 1 & \cos\theta & 1 \\ -\cos\theta & 1 & \cos\theta \\ -1 & -\cos\theta & 1 \end{vmatrix}$ તો D ...... અંતરાલમાં છે.

(A) [0, 4] (B) [2, 4] (C) [0, 2] (D) [1, 4]

ઉકેલ : $D = (1 + \cos^2\theta) - \cos\theta(-\cos\theta + \cos\theta) + 1[\cos^2\theta + 1] = 2 + 2\cos^2\theta$

$0 \le \cos^2\theta \le 1$

$0 \le 2\cos^2\theta \le 2$

$2 \le 2\cos^2\theta + 2 \le 4$

**અથવા** $2 + 2\cos^2\theta$ **પરથી**

$D = 2 + 2\,\frac{1+\cos 2\theta}{2} = 3 + \cos 2\theta$

$-1 \le \cos 2\theta \le 1$

$2 \le 3 + \cos 2\theta \le 4$

$\therefore$ D નો વિસ્તાર [ 2, 4 ] છે. **જવાબ :** (B)

(38) જો $\begin{vmatrix} 1+x & 1 & 1 \\ 1 & 1+x & 1 \\ 1 & 1 & 1+x \end{vmatrix} = 0$, તો $x$ = ......

(A) 0, –3 (B) 0, 3 (C) 0, ± 3 (D) આ પૈકી એક પણ નહિ

ઉકેલ : $\begin{vmatrix} x & 0 & 1 \\ -x & x & 1 \\ 0 & -x & 1+x \end{vmatrix} = 0$ $C_{21}(-1), C_{32}(-1)$

$\therefore x^2\begin{vmatrix} 1 & 0 & 1 \\ -1 & 1 & 1 \\ 0 & -1 & 1+x \end{vmatrix} = 0$

$\therefore x^2[1 + x + 1] + 1[x^2] = 0$

$\therefore x^2(x + 3) = 0$

$\therefore x = 0$ અથવા $x = -3$ **જવાબ :** (A)

(39) સમીકરણો $2x + 3y + 5 = 0$, $x + ky + 5 = 0$ અને $kx - 12y - 14 = 0$ સુસંગત હોય તો $k = ......$

(A) $-2, \frac{12}{5}$ (B) $-6, \frac{17}{5}$ (C) $6, -\frac{17}{5}$ (D) $-6, -\frac{17}{5}$

ઉકેલ : $D = \begin{vmatrix} 2 & 3 & 5 \\ 1 & k & 5 \\ k & -12 & -14 \end{vmatrix} = 0$

$\therefore 2[60 - 14k] - 3[-14 - 5k] + 5[-12 - k^2] = 0$

$\therefore 120 - 28k + 42 + 15k - 60 - 5k^2 = 0$

$\therefore 5k^2 + 13k - 102 = 0$

$\therefore (k + 6)(5k - 17) = 0$

$\therefore k = -6$, અથવા $\frac{17}{5}$

વળી

$\begin{vmatrix} 2 & 3 \\ 1 & k \end{vmatrix} = 2k - 3 \neq 0 \Rightarrow k \neq \frac{3}{2}$

$\begin{vmatrix} 1 & k \\ k & -12 \end{vmatrix} = -12 - k \neq 0$

$\begin{vmatrix} 2 & 3 \\ k & -12 \end{vmatrix} = -24 - 3k \neq 0 \Rightarrow k \neq -8$

જવાબ : (B)

(40) $\begin{vmatrix} a & b & c \\ x & y & z \\ p & q & r \end{vmatrix} = .......$

(A) $\begin{vmatrix} y & b & q \\ x & a & p \\ z & c & r \end{vmatrix}$ (B) $\begin{vmatrix} y & q & b \\ x & p & a \\ z & r & c \end{vmatrix}$ (C) $\begin{vmatrix} b & y & q \\ a & p & x \\ c & z & r \end{vmatrix}$ (D) એક પણ નહિ

ઉકેલ : $D = \begin{vmatrix} a & x & p \\ b & y & q \\ c & z & r \end{vmatrix}$ $R_i \leftrightarrow C_i$

$D = -\begin{vmatrix} b & y & q \\ a & x & p \\ c & z & r \end{vmatrix}$ $R_{12}$

$= \begin{vmatrix} y & b & q \\ x & a & p \\ z & c & r \end{vmatrix}$ $C_{12}$ જવાબ : (A)

(41) $\begin{vmatrix} a+b+2c & a & b \\ c & 2a+b+c & b \\ c & a & a+2b+c \end{vmatrix} = k(a + b + c)^m$ તો $k + m = .......$

(A) 3 (B) 2 (C) 5 (D) 4

ઉકેલ : $D = \begin{vmatrix} a+b+c & -(a+b+c) & 0 \\ 0 & a+b+c & -(a+b+c) \\ c & a & a+2b+c \end{vmatrix}$ $R_{21}(-1), R_{32}(-1)$

$= (a + b + c)^2 \begin{vmatrix} 1 & -1 & 0 \\ 0 & 1 & -1 \\ c & a & a+2b+c \end{vmatrix}$ $R_1\left(\frac{1}{a+b+c}\right), R_2\left(\frac{1}{a+b+c}\right),$

$= (a + b + c)^2 [a + 2b + c + a + c]$

$= 2(a + b + c)^3$

$k = 2, m = 3$ હોવાથી $k + m = 5$ જવાબ : (C)

(42) $\begin{vmatrix} 1+i & 1-i & i \\ 1-i & i & 1+i \\ i & 1+i & 1-i \end{vmatrix}$ = .......

(A) $7 + 4i$ (B) $3 + 7i$ (C) $-4 -7i$ (D) $4 + 7i$

**ઉકેલ :** $D = \begin{vmatrix} 2+i & 1-i & i \\ 2+i & i & 1+i \\ 2+i & 1+i & 1-i \end{vmatrix}$ $C_{21}$ (1), $C_{31}$ (1),

$= (2 + i) \begin{vmatrix} 0 & 1-2i & -1 \\ 0 & -1 & 2i \\ 1 & 1+i & 1-i \end{vmatrix}$ $R_{21}$ (–1), $R_{32}$ (–1)

$= (2 + i) [2i - 4i^2 - 1] = (2 + i) (2i + 3) = 4 + 7i$ **જવાબ :** (D)

(43) જો $a = 1 + 2 + 4 + .... + n$ પદ સુધી, $b = 1 + 3 + 9 + .... + n$ પદ સુધી, $c = 1 + 5 + 25 + .... + n$ પદ સુધી, તો

$\begin{vmatrix} a & 2b & 4c \\ 2 & 2 & 2 \\ 2^n & 3^n & 5^n \end{vmatrix}$ = .......

(A) $2^n + 3^n + 5^n$ (B) 0 (C) $(30)^n$ (D) $(10)^n$

**ઉકેલ :** $a = 1 + 2 + 4 + .... + n$ પદ સુધી $= \frac{2^n - 1}{2-1} = 2^n - 1$

તે જ રીતે, $b = 1 + 3 + 9 + .... + n$ પદ સુધી $= \frac{3^n - 1}{2}$

$c = 1 + 5 + 25 + .... + n$ પદ સુધી $= \frac{5^n - 1}{4}$

$D = \begin{vmatrix} 2^n - 1 & 3^n - 1 & 5^n - 1 \\ 2 & 2 & 2 \\ 2^n & 3^n & 5^n \end{vmatrix}$

$= 2 \begin{vmatrix} 2^n - 1 & 3^n - 1 & 5^n - 1 \\ 1 & 1 & 1 \\ 1 & 1 & 1 \end{vmatrix}$ $R_{13}$ (–1), $R_2 \left(\frac{1}{2}\right)$

$= 2(0) = 0$ **જવાબ :** (B)

(44) $\begin{vmatrix} n! & (n+1)! & (n+2)! \\ (n+1)! & (n+2)! & (n+3)! \\ (n+2)! & (n+3)! & (n+4)! \end{vmatrix}$ = .......

(A) $2 [(n+1) ! (n+2) ! (n+3) !]$ (B) $2[n! (n+3)!]$

(C) $2[n! (n+2)!]$ (D) $2[n ! (n+1) ! (n+2) !]$

ઉકેલ : $D = n!\,(n+1)!\,(n+2)! \begin{vmatrix} 1 & 1 & 1 \\ n+1 & n+2 & n+3 \\ (n+2)(n+1) & (n+3)(n+2) & (n+4)(n+3) \end{vmatrix}$

$= n!\,(n+1)!\,(n+2)! \begin{vmatrix} 0 & 0 & 1 \\ -1 & -1 & n+3 \\ -2n-4 & -2n-6 & n^2+7n+12 \end{vmatrix}$ $C_{21}(-1), C_{32}(-1)$

$= n!\,(n+1)!\,(n+2)!\,[2n + 6 - 2n - 4]$

$= 2[n!\,(n+1)!\,(n+2)!]$ જવાબ : (D)

(45) જો $p, q, r > 0$ અને $x, y, z \in R$ તો $\begin{vmatrix} (p^x+p^{-x})^2 & (p^x-p^{-x})^2 & 1 \\ (q^y+q^{-y})^2 & (q^y-q^{-y})^2 & 1 \\ (r^z+r^{-z})^2 & (r^z-r^{-z})^2 & 1 \end{vmatrix} = ......$

(A) $p^{2x}\,q^{2y}$ (B) 0 (C) $p^{-x}\,q^{-y}\,r^{-z}$ (D) $p^x\,q^y\,r^z$

ઉકેલ : $= \begin{vmatrix} (p^x+p^{-x})^2-(p^x-p^{-x})^2 & (p^x-p^{-x})^2 & 1 \\ (q^y+q^{-y})^2-(q^y-q^{-y})^2 & (q^y-q^{-y})^2 & 1 \\ (r^z+r^{-z})^2-(r^z-r^{-z})^2 & (r^z-r^{-z})^2 & 1 \end{vmatrix}$ $C_{21}(-1)$.

$= \begin{vmatrix} 4 & (p^x-p^{-x})^2 & 1 \\ 4 & (q^y-q^{-y})^2 & 1 \\ 4 & (r^z-r^{-z})^2 & 1 \end{vmatrix}$ $[4ab = (a+b)^2 - (a-b)^2]$

$= 0$ $C_1\left(\frac{1}{4}\right)$ પછી $C_1 = C_2$ જવાબ : (B)

(46) $\Delta$ ABC માટે $a + b + c \neq 0$ હોય અને $\begin{vmatrix} a & b & c \\ b & c & a \\ c & a & b \end{vmatrix} = 0$ હોય, તો $sin^2 A + sin^2 B + sin^2 C = ......$

(A) $\frac{3}{2}$ (B) $\frac{3}{4}$ (C) $\frac{9}{4}$ (D) 2

ઉકેલ : $D = 3abc - a^3 - b^3 - c^3 = 0$

$\therefore a^3 + b^3 + c^3 - 3abc = 0$

$\therefore \frac{1}{2}(a + b + c)[(a-b)^2 + (b-c)^2 - (c-a)^2] = 0$

$a + b + c \neq 0$ હોવાથી $a = b = c \Rightarrow A = B = C = \frac{\pi}{3}$

$sin^2 A + sin^2 B + sin^2 C = \frac{3}{4} + \frac{3}{4} + \frac{3}{4} = \frac{9}{4}$ જવાબ : (C)

(47) જો $m$ = ...... હોય, તો $\begin{vmatrix} \binom{9}{4} & \binom{9}{5} & \binom{10}{m} \\ \binom{10}{6} & \binom{10}{7} & \binom{11}{m+2} \\ \binom{11}{8} & \binom{11}{9} & \binom{12}{m+4} \end{vmatrix} = 0$

(A) 6 (B) 1 (C) 5 (D) 4

ઉકેલ : $\begin{vmatrix} \binom{9}{4}+\binom{9}{5} & \binom{9}{5} & \binom{10}{m} \\ \binom{10}{6}+\binom{10}{7} & \binom{10}{7} & \binom{11}{m+2} \\ \binom{11}{8}+\binom{11}{9} & \binom{11}{9} & \binom{12}{m+4} \end{vmatrix} = 0$

$\therefore \begin{vmatrix} \binom{10}{5} & \binom{9}{5} & \binom{10}{m} \\ \binom{11}{7} & \binom{10}{7} & \binom{11}{m+2} \\ \binom{12}{9} & \binom{11}{9} & \binom{12}{m+4} \end{vmatrix} = 0$

જો $m = 5$ હોય, તો $C_1 = C_3$ થાય અને નિશ્ચાયકનું મૂલ્ય 0 થાય.
(જો D = 0 હોય, તો $m = 5$ કહેતા નથી.) **જવાબ :** (C)

